**<u>ફોજદારી ઈન્કવાયરી નંબરઃ–૦૩/૨૦૧૯</u>**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

**૧.** સદર ખાનગી ફરીયાદ ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ –૪૦૬, ૪૨૦, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) મુજબની તા. ૨૨/૧૦/૨૦૧૯ ના રોજ દાખલ કરેલ. સદર ફરીયાદ અન્વયે નામદાર કોર્ટે સંજ્ઞાન લઈ ફરીયાદીનુ સોગંદ પર વેરીફીકેશન નોંધેલ. ત્યારબાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૨૦૨ મુજબ ઈન્કવાયરી કરવાનો હુકમ કરેલ.

**૨.** ફરીયાદીની ફરીયાદની હકિકત એવી છે કે, ફરીયાદીના લગ્ન યશવંતરાય શાહ સાથે થયેલ. લગ્ન બાદ ફરીયાદી રાજકોટ રહેવા ગયેલ અને હાલ અમદાવાદ મુકામે રહે છે. ફરીયાદી પોતાના પિતાની મિલકતમાં કોઇ માથાકુટ કરતા નહી અને વિશ્વાસમાં રહેલ કે, સદર મિલકતની દેખરેખ ફરીયાદીના બહેન અને ભત્રીજા રાખે છે. સદર મિલકતો બાબતે સામાવાળા નં. ૦૨ મૃગેશ શાહ, હસુમતિબેન શાહ અને સામાવાળા નં. ૦૧ શીલાબેન શાહ નાઓએ એકબીજાના મેળાપીપણા માં ખોટા તથા બનાવટી દસ્તાવેજ ઉભા કરી–કરાવડાવી ખોટા હોવાનું જાણવા છતાં સાચા તરીકે ઉપયોગ કરી સરકારી અધિકારી સમક્ષ ખોટી રજુઆતો કરી ફરીયાદીના કાયદેસરના વણ વહેંચાયેલા હિસ્સાને ખોટા બનાવટી દસ્તાવેજો ઉભો કરી, ખોટી સહી–મત્તા કરી કરાવડાવી તબદીલ કરી દીધેલ અને તે બાબતે ફરીયાદીનો સદર મિલકતમાંથી હક્ક કમી સને–૨૦૦૪ માં કરાવી દીધેલ. સદર બાબતે ફરીયાદીને તા. ૧૫/૦૮/૨૦૧૮ ના રોજ જાણ થયેલ. હકિકતમાં ફરીયાદીના પિતા બિન વસિયત ગુજરી જવા બાદ નોંધ નં. ૩૦૭૫ તા. ૦૧/૦૫/૧૯૯૭ ના રોજ ફરીયાદીનું નામ મિલકતમાં દાખલ કરવામાં આવેલ. મિલકતની દેખરેખ સામાવાળો રાખતા હોય, જેથી ફરીયાદીએ ક્યારેય પણ તેઓ પર શંકા કે અવિશ્વાસ રાખેલ નહી.

સદર પ્રકરણ બાબતે ફરીયાદીએ તા. ૨૬/૦૨/૨૦૧૯ ના રોજ આમોદ પો.સ્ટે. માં પોલીસ ફરીયાદ કરેલ. પરંતુ પોલીસે કોઇ કાર્યવાહી

કરેલ નહી. ત્યારબાદ ફરીયાદીએ ડી.વાય.એસ.પી., જંબુસર નાઓને પણ અરજ કરેલ. અંતે ફરીયાદીએ સદર ફરીયાદ અત્રેની કોર્ટમાં કરવાની ફરજ પડેલ.

**૩.** ફરીયાદીએ સદર કામે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

**૧.** નિ. ૩/૧ થી આમોદ પોલીસ સ્ટેશનમાં આપેલ ફરીયાદની નકલ.

**૨.** નિ.૩/૨ થી તકરારી મિલકતના ગામ નમુના નં. ૭/૧૨ ની નકલ.

**૩.** નિ. ૩/૩ થી એન્ટ્રી નં. ૩૦૭૫, ૩૪૫૪ ની નકલ.

**૪.** નિ. ૩/૪ થી ડી.વાય.એસ.પી., જંબુસર નાઓને કરેલ ફરીયાદની નકલ.

**૫.** નિ. ૩/૫ થી ખાનગી હસ્તાક્ષર નિષ્ણાંતનો તા. ૧૨/૦૧/૨૦૧૯ ના રોજના રીપોર્ટની નકલ.

**૬.** નિ. ૩/૬ થી તકરારી હક્ક જતા કર્યા લેખની નકલ.

**૪.** ત્યારબાદ કોર્ટ ઈન્કવાયરી દરમ્યાન નામદાર કોર્ટે તા. ૦૭/૦૨/૨૦૨૨ ના રોજ આંક–૦૧ પર હુકમ કરેલ કે, પી.એસ.આઇ. આમોદ નાઓએ સદર કામના તકરારી નોંધ ના તુમારના કાગળો, નોટરી રજીસ્ટર રૂબરૂ કરવામાં આવેલ સહી તથા ફરીયાદીની તકરારી સહી લગત ફરીયાદીના હસ્તાક્ષરના નમુના મેળવી તથા તકરારી દસ્તાવેજના તમામ પક્ષકારોના હસ્તાક્ષર અંગે હાલની ઈન્કવાયરી લગત ઉંડાણપુર્વક તપાસ કરી પોતાનો રીપોર્ટ રજુ કરવો.

જેથી ઉપરોક્ત હુકમ મુજબ પી.એસ.આઇ., આમોદ નાઓએ તા. ૨૯/૧૨/૨૦૧૯ ના રોજ આંક–૦૬ થી વિગતવારનો રીપોર્ટ કરેલ. જે રીપોર્ટ વંચાણે લેતાં જેમાં ટુંકમાં જણાવેલ છે કે, ફરીયાદીના પિતા સુરેન્દ્રલાલ શાહ નું મરણ થતાં તકરારી મિલકતમાં તેઓના કુલ ૧૧ વારસોના નામ વર્ષ–૧૯૯૭ માં દાખલ થયેલ. ત્યારબાદ

ફરીયાદીના કહ્યા મુજબ સંમતિ કરાર ની રૂએ વર્ષ–૨૦૦૪ માં તેઓના નામ સામાવાળાઓએ ખોટા દસ્તાવેજો બનાવી દુર કરેલ. ત્યારબાદ પોલીસ દ્વારા મામલતદાર કચેરીએથી જરૂરી દસ્તાવેજો મેળવવામાં આવેલ. વધુમાં સદર હક્ક કમી કર્યા બાબતના કાગળો ગ્રામ પંચાયત, કેરવાડામાં કોણે રજુ કરેલ તે બાબતે તપાસ કરતા ગ્રામ પંચાયત દ્વારા લેખિતમાં જણાવેલ કે, તે કરાર બાબતની કોઇ માહિતી તેઓ પાસે ઉપલબ્ધ નથી. ત્યારબાદ તેઓએ સાહેદ ઉર્મિલાબેન શાહ નું નિવેદન લીધેલ અને નિવેદનમાં સાહેદે જણાવેલ કે, સામાવાળાઓએ સને–૨૦૦૪ માં ખોટા દસ્તાવેજ ઉભા કરી હક્ક કમી કરાવેલ. ત્યારબાદ પોલીસે સાહેદ સુલોચનાબેન શાહ નું નિવેદન લીધેલ જેમાં સાહેદે જણાવેલ કે, ફરીયાદી વિણાબેને પોતાની જાતે જ રાજીખુશીથી સંમતિપત્રકમાં સહી કરી હક્ક ઉઠાવેલ. વધુમાં પોલીસે જણાવેલ કે, હાલમાં રેવન્યુ રેકર્ડ પર સામાવાળાઓના નામ ચાલે છે.

૫. ત્યારબાદ ફરીયાદીએ આંક–૧૨ થી અરજી કરેલ કે, પોલીસ અધિકારી ફરીયાદીના સહીઓના નમુના લઇ એફ.એસ.એલ. માં મોકલેલ. જે અરજી નામદાર કોર્ટે મંજુર કરેલ. ત્યારબાદ પોલીસ દ્વારા આંક–૧૭ વાળી યાદીથી અત્રેની કોર્ટને હસ્તાક્ષર નિષ્ણાંત નો રીપોર્ટ મોકલવામાં આવેલ. વળી, આંક–૧૮ વાળો એફ.એસ.એલ., ગાંધીનગરનો રીપોર્ટ જોતાં માલુમ પડે છે કે, તેઓને પોલીસ દ્વારા તમામ તકરારી દસ્તાવેજો અસલ નહી પરંતુ ફોટોસ્ટેટ કોપીમાં મોકલાવેલ. જેથી તેનું પરીક્ષણ થઇ શકેલ નથી.

આમ, માલુમ પડે છે કે, સદર કામે તકરારી દસ્તાવેજો કે તેમાં થયેલ સહી સબબમાં ફોરેન્સીક સાયન્સ લેબ, ગાંધીનગર તરફથી કોઇ સ્પષ્ટ અભિપ્રાય આવેલ નથી.

૬. ત્યારબાદ ફરીયાદીએ આંક–૨૦ થી અરજી કરેલ કે, ગ્રામ પંચાયત, કેરવાડા સદર કામે તકરારી સંમતિ કરાર ની અસલ નામદાર કોર્ટમાં રજુ કરે. જે અરજી નામદાર કોર્ટે મંજુર કરેલ. વળી, ગ્રામ પંચાયત, કેરવાડા

તરફથી આંક–૨૧ થી એક રીપોર્ટ આવેલ કે, સદર રેકર્ડ તેઓની પાસે ઉપલબ્ધ નથી.

૭. ત્યારબાદ ફરીયાદી દ્વારા આંક–૨૪ ની લિસ્ટ થી નિ. ૨૪/૧ થી ૨૪/૩ અંતર્ગત નાયબ કલેક્ટર, કલેક્ટર અને અધિક સચિવ દ્વારા કરવામાં આવેલ હુકમોની નકલો રજુ કરવામાં આવેલ.

૮. ત્યારબાદ ફરીયાદી તર્ફે આંક–૨૨ થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ.

૯. ફરીયાદીના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા. ફરીયાદ તેમજ તેની સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ તથા સમગ્ર રેકર્ડ વંચાણે લીધુ. વળી, ફરીયાદી ની ટુંકમાં ફરીયાદ એવી છે કે, આ કામના સામાવાળાઓએ ફરીયાદી ના નામનો ખોટી સંમતિ કરાર બનાવી તેમાં ખોટી સહી કરી–કરાવડાવી તેને સરકારી અધિકારી સમક્ષ રજુ કરી ફરીયાદીનો હક્ક, હિત, હિસ્સો ડુબાડેલ છે.

૧૦. સૌપ્રથમ જો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૪ જોવામાં આવે તો તેમા જણાવેલ છે કે, જો મેજીસ્ટ્રેટનો એવો અભિપ્રાય થાય કે કાર્યવાહી માટે પુરતુ કારણ છે તો તે આરોપીઓ વિરૂદ્ધ સમન્સ કે વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરી શકે. ત્યારબાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૨૦૩ જોવામાં આવે તો જો ફરીયાદી અને સાક્ષીઓના સોગંદ ઉપરના કથન અને ૨૦૨ હેઠળની તપાસ વિચારણામાં લીધા બાદ જો મેજીસ્ટ્રેટને એવો અભિપ્રાય થાય કે કાર્યવાહી કરવા માટે પુરતુ કારણ નથી તો તેણે ફરીયાદ કાઢી નાખવી જોઇએ.

૧૧. સદર કામે આરોપીઓ વિરૂદ્ધ ફરીયાદમાં આક્ષેપાયેલ કલમો વિશે ચર્ચા કરવામાં આવે તો,

**ઈ.પી.કો. કલમ–૪૦૬** માં ગુનાહિત વિશ્વાસઘાતની વ્યાખ્યા કલમ–૪૦૫ માં જણાવેલ છે. જો કલમ–૪૦૫ વંચાણે લેવામાં આવે તો તેમાં કોઈ મિલકત અથવા તો મિલકત ઉપરનો કોઈ અધિકાર હોવું આવશ્યક છે. સદર મિલકતનો આરોપી ડિસહોનેસ્ટલી મિસએપ્રોપ્રિએટ કરે અથવા તો પોતાના ઉપયોગ માટે તેને તબદીલ કરે અથવા તેને અમલ કરવાની રીત દર્શાવતા કાયદાના આદેશનો ભંગ કરે ત્યારે ગુનાહિત વિશ્વાસઘાત થયેલો કહેવાય.

**ઈ.પી.કો. ની કલમ–૪૨૦** વંચાણે લેવામાં આવે તો, તેમાં ઠગાઈ કરવા અને બદદાનતથી મિલકત આપી દેવા બાબતે લલચાવવા બાબતની સજાની જોગવાઈ હોય. વળી, સદર ગુના માટે પણ આરોપી દ્વારા ફરીયાદીને કોઈ મિલકત અથવા કિંમતી જામીનગીરી બાબતે ઠગાઈ થયેલ હોવું જરૂરી છે.

**ઈ.પી.કો. ની કલમ–૪૬૮** વંચાણે લેવામાં આવે તો, તે ઠગાઇ કરવાના હેતુથી ખોટો દસ્તાવેજ બનાવવા બાબતની સજાની જોગવાઇ છે.

**ઈ.પી.કો. કલમ– ૪૭૧** વંચાણે લેવામાં આવે તો, ખોટા દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરવા બબાત સજાની જોગવાઈ છે.

**ઈ.પી.કો. કલમ–૧૨૦(બી)** વંચાણે લેવામાં આવે તો તેમાં આરોપીઓએ સમાન ઈરાદો રાખી એકબીજાના મેળાપીપણામાં અથવા તો ગુનાહિત કાવતરુ રચી ફરીયાદ મુજબનો ગુનો આચરેલ હોય તો તે બાબતની જોગવાઈ છે.

**૧૨.** વળી, સદર કામે રજુ રેવન્યુ રેકર્ડ જોવામાં આવે તો, મિલકત પર સામાવાળાઓના નામ ચાલતા હોય તેવુ જણાય આવે છે. ત્યારબાદ નિ. ૩/૬ વાળો હેન્ડ રાઈટીંગ એક્સપર્ટ નો રીપોર્ટ એક ખાનગી હેન્ડ રાઈટીંગ એકસપર્ટે આપેલ હોય, જેથી સદર રીપોર્ટ પર નામદાર કોર્ટ દ્વારા આધાર રાખી શકાય નહી.

**૧૩.** ત્યારબાદ સદર કામે આંક–૦૬ વાળો પોલીસ રીપોર્ટ વંચાણે લેતાં, તેમાં પોલીસની તપાસ દરમ્યાન સામાવાળાઓએ સદર ગુન્હો કરેલ હોય તેવો કોઈ સ્પષ્ટ અભિપ્રાય આવેલ નથી. વધુમાં સદર કામે તકરારી સંમતિ કરાર ની અસલ ફરીયાદી રજુ કરી શકેલ ન હોય. જેથી સદર તકરારી સંમતિ કરાર બાબતે એફ.એસ.એલ. ગાંધીનગર તરફથી પણ કોઈ સ્પષ્ટ અભિપ્રાય આપવામાં આવેલ ન હોય.

**૧૪.** વધુમાં સદર કામે તકરારી સંમતિ કરાર આ કામના સામાવાળાઓએ બોગસ રીતે ઉભો કરી તેમાં ફરીયાદીની ખોટી સહી કરેલ–કરાવડાવી હોય કે સદર દસ્તાવેજ સામાવાળાઓએ સરકારી અધિકારી સમક્ષ રજુ કરેલ હોય તેવુ માની લેવા પાત્ર ફરીયાદીની મૌખિક રજુઆત સિવાય બીજુ કોઈ આધારભુત મટીરીયલ રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ફરીયાદી દ્વારા ઈન્કવાયરીના તબક્કે કોઈ પણ સાહેદને તપાસવામાં આવેલ નથી.

**૧૫.** આમ, સદર કામે ફક્ત ને ફક્ત ફરીયાદીના કથન ધ્યાને લઈ સામાવાળાઓ વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૦૬, ૪૨૦, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) મુજબની સબબ કાર્યવાહી કરવાનું પુરતુ કારણ ન હોય. જેથી આખરી હુકમ મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

**૧.** સદર ફરીયાદ ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ–૨૦૩ મુજબ કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૦૨ જી, માહે–મે સને–૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૨/૦૫/૨૦૨૬<br>આમોદ.

(આર.આર.પરમાર)<br>જયુ.મેજી.ફ.ક., આમોદ.<br>કોડ–જી.જે. ૦૧૬૦૩